

**ચિલોડા ખાતે ભાજપ કાર્યકરો દ્વારા વિજય ઉત્સવ મનાવ્યો**

તાલુકાના ચિલોડા સર્કલ પાસે પ્રમુખ-ઈલાઈટ કોમ્પલેક્ષ ખાતે તાજેતરમાં પાંચ રાજ્યોમાં યોજાયેલ વિધાનસભાની ચૂંટણીઓમાં ભાજપને ભવ્ય વિજય થતાં ભારતીય જનતા પાર્ટી દ્વારા ભાજપ ભવ્ય વિજય ઉત્સવ મનાવ્યો હતો જે અંતર્ગત ચિલોડા ખાતે તાલુકાના કાર્યકરો એકઠા થઈને કેસરીયો ખેસ ધારણ કરી આતશબાજી તથા મોં મીઠુ કરી વિજય ઉત્સવ મનાવ્યો હતો. જેમાં ગાંધીનગર તાલુકા પંચાયતના પ્રમુખ કાળુસિંહ રાઠોડ, ઘનશ્યામભાઈ પટેલ, પ્રહલાદભાઈ પટેલ, શામળભાઈ પટેલ વગેરે કાર્યકરો ઉપસ્થિત રહીને જીતનો જશ્ન માણ્યો હતો.

# અર્થતંત્રને સમૃદ્ધ બનાવવાની જરૂર : ચુડાસમા

## ખાદી ફોર નેશન-ખાદી ફોર ફેશન સુત્ર પર ભાર મુકાયો

અઠવાડિયામાં દર મંગળવારે ખાદી વસ્ત્ર પરિધાન કરવાની શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાની અપિલના પગલે રાજયના શિક્ષકો, આચાર્યો અને શિક્ષણ વિભાગના કર્મચારીઓના સ્વૈચ્છિક સંકલ્પના કારણે રાજયના ખાદી ઉદ્યોગને વેગ મળ્યો છે, અને ભવિષ્યમાં પણ તેને વધુ વેગ મળશે, તેવી જન્મેલી આશાથી પ્રોત્સાહિત થઈને આજે ખાદી ગ્રામોદ્યોગ સંસ્થાઓએ ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ખાતે શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાનું જાહેર સન્માન કર્યું હતું. ખાદી ઉદ્યોગ સાથે સંકળાયેલ સંસ્થાઓ તરફથી થયેલા સન્માનનો ઋણસ્વીકાર કરતા શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે, આ સન્માન એ મારું અર્થાત કોઈ વ્યક્તિનું નહીં પણ એક વિચારનું છે અને આ વિચાર એટલે ગાંધીવિચાર, મહાત્મા ગાંધીજીએ ખાદી વિચારધારાને દેશની સમૃદ્ધિ સાથે જોડીને ખાદી વિચારને એક અનેરૂ ગૌરવ બક્ષ્યું છે. આજે આપણે ખાદીનો જે વિચાર અપનાવ્યો છે તેની અભિવ્યક્તિની તક પણ આપણને સ્વતંત્રતા અપાવીને ગાંધીજીએ જ આપી છે. ચુડાસમાએ જણાવ્યું હતું કે, આજે ખાદી ફોર નેશન નહીં પણ ખાદી ફોર ફેશનમાં ખાદી પરિવર્તિત થઈ રહી છે. ખાદી વિચારને સમજણપૂર્વક અપનાવવાની જરૂરિયાત પર ભાર મુકતા ચુડાસમાએ જણાવ્યું હતું કે, સમજણથી જ ખાદી વિચાર જન જનમાં પ્રસરશે. ખાદી વિચાર સાથે ગામડાનો ગરીબ, શ્રમિક પરિવાર સંકળાયેલો છે ત્યારે ખાદી વિચારને પ્રોત્સાહનથી ગામડાના ગરીબ શ્રમિક પરિવારનું આર્થિક ઉત્થાન થશે તેમ ચુડાસમાએ જણાવ્યું હતું. સમાજના આર્થિક સંપન્ન વર્ગનો ઉલ્લેખ કરી ચુડાસમાએ જણાવ્યું હતું કે, આધુનિક ટેકનોલોજીના ઉપયોગ દ્વારા ખાદી ઉદ્યોગનો વિકાસ કરી, સમાજના સંપન્ન વર્ગ સુધી જો તેને આપણે પહોંચાડીશુ તો આખરે તો સમાજની આર્થિક સંપન્નતાનો લાભ ખાદી વેચાણ દ્વારા ગરીબ વર્ગને જ થશે. ખાદી ગ્રામોદ્યોગ આયોગ, ભારત સરકારના અધ્યક્ષ વીકે સકસેનાએ ખાદી અંગેના મહાત્મા ગાંધીજીના વિચારોનો ઉલ્લેખ કરી જણાવ્યું હતું કે, ખાદી ઉદ્યોગને પ્રોત્સાહન મળશે તો જ દેશનું અને ગ્રામીણ અર્થતંત્ર સમૃદ્ધ બનશે.



અરવલ્લી અને સાબરકાંઠામાં નૈતિક મૂલ્યોના જતન અને વર્ધન માટે ઉપાડવામાં આવેલ ઝુંબેશના ભાગરૂપે શનિવારે પૂર્વ સાંસદ ડૉ. મહેન્દ્રસિંહ ચૌહાણની અધ્યક્ષતામાં કુષ્ઠરોગ યજ્ઞ આશ્રમ રાજેન્દ્રનગર ખાતે યોજાયેલ કાર્યક્રમમાં પૂર્વ સાંસદ ડૉ. ચૌહાણ ઉપરાંત જિલ્લા કલેકટર પી.સ્વરૂપ, એન.આર.આઈ. સી.કે. પટેલ, ડીપીઈઓ, ફાધર ડિસોઝા, સંજય તુલા, લતા હીરાની સહિતના વક્તાઓએ નૈતિક મૂલ્યો વિશે ઉપસ્થિત શિક્ષકો, સામાજિક કાર્યકરોને ચિંતનશીલ માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું.

## આ પણ વાંચીએ...

**● સમુદ્રમાં ડુબેલા ટાઈટેનીકને નજીકથી જોઈ શકાશે**

ખુબ જ ચર્ચાસ્પદ એવા ટાઈટેનીક જહાજને તમે ટેલીવિઝન અથવા તસવીરોમાં જોયુ હશે. પણ તેને નજીકથી જોવાનો મોકો હવે મળી શકે છે. લંડન ટૂર ઓપરેટર કંપની બ્લૂ માર્બલ આગામી વર્ષ મે થી આઠ દિવસની ટૂર શરૂ કરી રહી છે. આ ટૂરમાં એક સબમરીન મારફતે જ્યાં ટાયટેનીક ડુબ્યુ હતુ તે સ્થળની ટૂર સમુદ્રના પેટાળમાં જઈ કરાવવામાં આવશે. આ ટૂર અંગે પ્રવાસીઓમાં ભારે ઉત્સુકતા જોવા મળી રહી છે.



**● રેન્ડિયર બન્યા વિનાનના મુસાફર**

રશિયાના સાયબેરીયામાં રેન્ડિયરોની એક મોટો સમારોહ થાય છે. જેમાં દોડ સહિતની અન્ય રમતો યોજાય છે. સાયબેરિયામાં સતત બરફ જામેલો રહે છે. આથી સડકમાર્ગ કે અન્ય માર્ગે ત્યાં જવુ મુશ્કેલ છે. સાયબેરિયામાં યોજાનાર સમારોહમાં ભાગ લેવા માટે વીસ જેટલા રેન્ડિયરોને વિમાનમાર્ગે સાયબેરિયા પહોંચાડવામાં આવ્યા. રેન્ડિયરોની આ સફર દરમ્યાન તેમના માટે ખાવા-પીવાની તમામ વ્યવસ્થા કરવામાં આવી.



**● ફરવાનો શોખ પુરો કરવા વૃદ્ધ દંપતીએ બધુ જ ગીરવે મુક્યુ**

કેરળના કોચીમાં શ્રી બાલાજી કોફી હાઉસ ધરાવતા ૬૪ વર્ષિય કે.આર. વિજયનાનો હરવા ફરવાનો ખુબ શોખ છે. વિજયન અને તેમના ૬૪ વર્ષિય પત્નિ મોહબા તેમના આ શોખને પૂર્ણ કરવા બધુ જ દાવ પર લગાવી દે છે. અત્યાર સુધી આ દંપતી ૧૭ દેશોનો પ્રવાસ કરી ચુક્યા છે. પ્રવાસના ખર્ચને પહોંચી વળવા તેઓ પોતાની દુકાનને બેંક પાસે ગીરો મુકી દે છે. પ્રવાસ પરથી પરત આવ્યા બાદ તેઓ બેંકના દેવાની ચુકવણી કરે છે. આગામી દિવસોમાં આ દંપતી આર્જેન્ટિના, બ્રાઝીલ અને ચીલેની ટુર પર જવાનુ પ્લાનિંગ કરી રહ્યા છે.



# એનસીપી ગુજરાતમાં સ્વતંત્ર રીતે ચૂંટણી લડવા માટે તૈયાર

અમદાવાદ, તા.૧૯

અમદાવાદ શહેરમાં એનસીપીના વડા શરદ પવારના હસ્તે પાર્ટીની નવી રાજ્ય ઓફિસનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. નવા પ્રદેશ કાર્યાલયનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું ત્યારે શરદ પવારે સંબોધન કરતા ગુજરાત સરકાર ઉપર આકરા પ્રહારો કર્યા હતા. ગુજરાતમાં એનસીપી કોંગ્રેસ સાથેના ગઠબંધનથી બહાર નિકળીને હવે સ્વતંત્રરીતે ચૂંટણી લડવા જઈ રહી છે. ઉદઘાટન સાથે યોજાયેલા કાર્યકર્તા સંમેલનમાં બોલતા શરદ પવારે કહ્યું હતું કે, ગુજરાતનું માથાદીઠ દેવું વધી રહ્યું છે, પગાર માટે પણ ધાર્મિક સંસ્થાઓનો સહારો લેવા પડે છતાં ગુજરાત નં.૧ જ છે તેવો પ્રચાર કરાય છે. એસજી હાઈવે પર હાઈકોર્ટની સામે આવેલા શપથ હેકસા કોમ્પેલકસ ખાતે આવેલા પ્રદેશ કાર્યાલયના ઉદઘાટન પ્રસંગે પૂર્વ કેન્દ્રીય કેબીનેટ મંત્રી અને એનસીપીના વરિષ્ઠ નેતા પ્રફુલ્લ પટેલ, જયંત બોસ્કી, કાંધલ જાડેજા સહિતના સ્થાનિક નેતાઓ ઉપસ્થિત રહ્યા છે. પ્રફુલ પટેલ કાર્યકરોને સંબોધન કરતાં કહ્યું હતું કે ગુજરાતના મુખ્યમંત્રીઓને અપમાનજનક રીતે બદલવા છતાં રાજયના વહીવટમાં અને પ્રજાના પ્રશ્નોમાં હાલ પણ સંપૂર્ણ બેદરકારી દાખવવામાં આવી રહી છે.

કાર્યકર્તા સંમેલનમાં એનસીપીના નેતાઓનો સુર વ્યક્ત કર્યો હતો કે, ગુજરાતમાં વર્તમાન સરકાર સંપૂર્ણ નિષ્ફળ ગઈ છે. ગુજરાતમાં ભ્રષ્ટાચાર, કાયદો વ્યવસ્થા, શિક્ષણમાં વેપારીકરણ મેડિકલમાં માફિયાગીરી, મહિલાઓનું શોષણ, બેરોજગારી, ખેડુતો પાયમાલ થવા સહિતના પ્રશ્નો છે. ત્યારે હવે એનસીપી દ્વારા ૩૩ જિલ્લામાં પ્રજાનો વિશ્વાસ જીતવા કાર્યરત થશે. ગુજરાતમાં પાર્ટીની સ્થિતિને મજબૂત કરવા માટે એનસીપી છેલ્લા ઘણા સમયથી સક્રિય થઇ ગઇ છે. એનસીપીના કાર્યકરો માની રહ્યા છે કે, ગુજરાત સરકાર લોકો સમક્ષ જુદા જુદા મુદ્દાઓને લઈને ફલોપ રહી છે. બેરોજગારી અને ખેડૂતોનો પ્રશ્ન યથાવત રહ્યો છે.





અરવલ્લી જિલ્લામાં આદિજાતિ પછાત ભિલોડા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોના શક્તિ કેન્દ્રો ઉપર સ્થાનિક કાર્યકરો સાથે ભાજપ અગ્રણી અને પૂર્વ તાલુકા ભાજપ પ્રમુખ ગુલાબચંદભાઈ પટેલની ઉપસ્થિતિમાં ઉત્તરપ્રદેશ સહિતના ચાર રાજ્યોમાં ભાજપની વિજય પતાકા લહેરાતા તેનો વિજયોત્સવ ઉમંગભેર ઉજવાયો હતો.

## યોગીને રાજતિલક

● અનુસંધાન પહેલાનું ચાલુ

સમારોહનું આયોજન લખનૌના કાંશીરામ સ્મૃતિ ભવનમાં કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે તમામ ટોચના નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીને કુલ ૧૭ ઓબીસી, ૬ અનુસૂચિત જાતિ, ૭ ઠાકુર, ૮ બ્રાહ્મણ, ૮ કાયસ્થવૈશ્ય, બે જાટ, એક મુસ્લિમને ઉત્તરપ્રદેશ મંત્રીમંડળમાં સામેલ કરવામાં આવ્યા છે. કેબિનેટ મંત્રી તરીકે સૂર્યપ્રતાપ શાહી, સુરેશ ખન્ના, સ્વામિ પ્રસાદ મોર્ય, સતીષ મહાના, રાજેશ અગ્રવાલ, રીટા બહુગુણા, દારાસિંહ ચૌહાણ, ધર્મપાલસિંહ, એસપી સિંહ બઘેલ, સત્યદેવ પચોરી, રમાપતિ શાસ્ત્રી, જયપ્રકાશ સિંહ, બ્રજેશ પાઠક, ઓમ પ્રકાશ રાજભર, લક્ષ્મીનારાયણ ચૌધરી, ચેતન ચૌહાણ, શ્રીકાંત શર્મા, સિદ્ધાર્થનાથ સિંહ, મુકુટબિહારી વર્મા, આશુતોષ ગુપ્તા અને નંદગોપાલે શપથ લીધા હતા જ્યારે રાજ્યમંત્રી સ્વતંત્ર હવાલા સાથે જે લોકોને સામેલ કરવામાં આવ્યા છે તેમાં અનુપમા જયસ્વાલ, સુરેશ રાણા, ઉપેન્દ્ર તિવારી, મહેન્દ્રસિંહ, સ્વતંત્રદેવસિંહ, ભુપેન્દ્રસિંહ, ધર્મસિંહ સૈની, સ્વાતિ સિંહ, અનિલ રાજભરનો સમાવેશ થાય છે. રાજ્યમંત્રી તરીકે જેમને સામેલ કરવામાં આવ્યા છે તેમાં ગુલાબ દેવી, બલદેવ ઓલખ, અતુલ ગર્ગ, સંદીપસિંહ, મોહસીન રઝા, અર્ચના પાંડે, રનવેન્દ્રપ્રતાપ, મનુ કોરી, જ્ઞાનેન્દ્રસિંહ, જયપ્રકાશ, ગિરીશ યાદવ, સંગીતા બલવંત, નિલકંઠ તિવારી, જયકુમાર સિંહ અને સુરેશ પાસીનો સમાવેશ થાય છે.

## પુરાંતલક્ષી બજેટ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જિલ્લા પંચાયતના જુના થતા મકાનના મરામત માટે પણ સારી એવી જોગવાઈ કરવા ઉપરાંત વિસ્તારણ માટે પણ રકમની ફાળવણી આ બજેટમાં કરવામાં આવી છે.

નાયબ જિલ્લા વિકાસ અધિકારી માટે વાહનની ખરીદીની જોગવાઈ કરવામાં આવી છે.

જિલ્લા પંચાયતમાં સરકારી યોજનાના લક્ષ્યાંક સિદ્ધિ પર ભાર મુકી અને વધુને વધુ ગ્રાન્ટ જિલ્લાને પ્રાપ્ત થાય તેના પર પણ વિશેષ ભાર બજેટમાં મુકવામાં આવ્યો છે.

આ બજેટ બેઠકમાં જ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીનું મનરેગાનું લેબર બજેટ પણ રજુ કરવામાં આવનાર છે.

દરમ્યાન પંચાયતના સભ્યોએ કરેલા હલ્લાબોલ પછી પૂરક એજન્ડાને પણ આખરી ઓપ આપી દેવાયો હોવાનું જાણવા મળેલ છે. જેમાં બે થી ૩ મુદ્દાઓ સમાવવામાં આવ્યા છે. મળતી વિગતો પ્રમાણે રેતી-કાંકરીના ગ્રાન્ટના કામો માટે સભ્યોની સમિતિ બનાવવામાં આવે તેવો મુદ્દો હોવાનું પણ જાણવા મળેલ છે. પંચાયતની સામાન્ય સભા માટેનો પૂરક એજન્ડા આજે સાંજ સુધીમાં જારી થઈ જશે તેમ મનાઈ રહ્યુ છે.

## આખરી ઓપ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે વેરા વસુલાતમાં આ વખતે થયેલ વિક્રમી આવકને પગલે સ્માર્ટસીટીના ગુણાંકનમાં સારો એવો ફાયદો થવાની શક્યતાઓ છે. જો કે શહેરની જમીન તેમજ અન્ય સેવાઓ મનપા પાસે ન હોવાથી તેનો ગેરલાભ પણ થશે તે પણ એટલુ જ સ્પષ્ટ છે.

મનપા દ્વારા આ વખતે સૂચનો મેળવવામાં થયેલ વિલંબને કારણે આખરી ઓપ દરખાસ્તને હજુ સુધી આપી શકાયો નથી. તેમજ આ અંગે કનસલટન્ટની નિમણુંક પણ થોડીક મોડી થઈ હોવાથી દરખાસ્તને સમયસર તૈયાર કરવામાં વિલંબ જરૂર થયો છે પરંતુ ૩૧મી માર્ચ પહેલા તે ભારત સરકારના શહેરી વિકાસ વિભાગને મોકલી આપવામાં આવશે તેમ મનાઈ રહ્યુ છે.

ગાંધીનગર શહેરમાં હાલ પાણી પુરવઠો રાજ્ય સરકાર દ્વારા રાહત દરે આપવામાં આવી રહ્યો છે. તે સુવિધાના અપગ્રેડેશન માટે અને ૨૪x૭ સેવાઓ ઉપલબ્ધ બને તેના પર સ્માર્ટસીટી પ્રોજેકટમાં ભાર મુકાશે તેમ મનપાના સૂત્રોનું માનવુ છે.

## રાંચી ટેસ્ટ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

કેટલાક રેકોર્ડ સર્જાયા હતા. ઓસ્ટ્રેલિયા સ્ટાર બેટ્સમેન અને કેપ્ટન સ્ટીવ સ્મીથે ટેસ્ટ ક્રિકેટમાં ૫૦૦૦ રન પુરા કરી લીધા હતા. સ્ટીવ સ્મીથે ૯૭ ઈનીંગ્સમાં પાંચ હજાર રન પુરા કર્યા હતા. સૌથી ઝડપથી ટેસ્ટ ક્રિકેટમાં પાંચ હજાર રન પુરા કરનાર ખેલાડીની યાદીમાં તે સાતમાં ક્રમાંકે પહોંચી ગયો હતો. હજુ સુધીની બે ટેસ્ટ મેચોની શ્રેણીમાં કેટલાક બેટ્સમેનો ફલોપ રહ્યા છે. વિરાટ કોહલી માટે આ શ્રેણી બેટીંગની દ્રષ્ટીએ હજુ સુધી સારી રહી નથી. બેંગલોરમાં તે ફાઈટ બેટમાં સફળ રહ્યો હતો પરંતુ બેટીંગમાં ફલોપ રહ્યો છે. તેની બેટીંગ આ શ્રેણીમાં ખૂબ જ નિરાશાજનક રહી છે. વિરાટ કોહલીએ આ શ્રેણીમાં ક્રમશઃ ૦, ૧૩, ૧૨ અને ૧૫ રન બનાવ્યા છે. ચાર ટેસ્ટ મેચોની શ્રેણીમાં તેનો કંગાળ દેખાવ જારી રહ્યો છે. ગઈકાલે વિરાટ કોહલી ફરી એકવાર ફલોપ રહ્યો હતો તે આજે માત્ર ૬ રન બનાવીને આઉટ થયો હતો. ઓસ્ટ્રેલિયા ભારત સામે આ ટેસ્ટ મેચ રમીને નવી સિદ્ધિ મેળવી ચુક્યુંછે. તેની ટેસ્ટ ક્રિકેટમાં આ ૮૦૦મી ટેસ્ટ મેચ છે. જ્યારે રાંચી ભારતમાં ટેસ્ટ મેચનું આયોજન કરનાર ૨૬મું સ્થળ બની ગયુ છે. અત્રે નોંધનીય છે કે બેંગ્લોરના ચિન્નાસ્વામી સ્ટેડિયમ ખાતે ભારતે ચમત્કાર અને ઈતિહાસ સર્જીને બીજી ટેસ્ટ મેચ ઓસ્ટ્રેલિયા પર ૭૫ રનથી જીતી લીધી હતી. આની સાથે જ ચાર ટેસ્ટ મેચોની શ્રેણીમાં ૧-૧થી બરોબરી કરી હતી.

## નક્સલી ઠાર...

● અનુસંધાન પહેલાનું ચાલુ

ધરવામાં આવ્યું હતું જ્યારે સુરક્ષા જવાનો બડગામગામમાં દોરેપારાના વન્ય વિસ્તારમાં તપાસ કરી રહ્યા હ તા ત્યારે ત્યાં છુપાયેલા નક્સલવાદીની ટોળકીએ સુરક્ષા જવાનો ઉપર અંધાધૂંધ ગોળીબાર શરૂ કરી દીધો હતો. આ ગોળીબાર એક કલાકથી પણ વધુ સમય સુધી ચાલ્યો હતો. બળવાખોરોએ ભાગી જવાના પ્રયાસ પણ કર્યા હતા. તપાસ દરમિયાન પાંચ બળવાખોરોના મતૃદેહ મળી આવ્યા હતા. તેમની પાસેથી એકે ૪૭ રાયફલ અને દારુગોળાનો જથ્થો કબજે કરાયો હતો. બીજી બાજુ શહીદ થયેલા જવાનોની ઓળખ કરી લેવામાં આવી છે જેમાં ડીઆરજી કોન્સ્ટેબલ નિર્મલ નેતામ અને ગોપનીયા સૈનિક સુખરામ ગવાડેનો સમાવેશ થાય છે. આ બંને સામ સામે અથડામણમાં શહીદ થયા હતા જ્યારે આ અથડામણમાં બે સબ ઈન્સ્પેક્ટર રેંકના અધિકારી ઘાયલ થયા હતા જેમાં સંગરામસિંહ અને દોગેન્દ્ર પારતેનો સમાવેશ થાય છે. આ ઉપરાંત કોન્સ્ટેબલ મુકેશને પણ ઈજા થઈ હતી. આ તમામ ત્રણેય ડીઆરજી સાથે જોડાયેલા છે.

## કાયદો અને કાનૂન

● ૪ પાનાનું ચાલુ...

કરવું એ ગુન્હો છે.

બંધારણ તથા હિન્દુ કાયદાએ સ્ત્રી અને પુરૂષને સમાનતા બક્ષી છે સ્ત્રીના દરજ્જામાં એક ક્રાંતિકારી પરિવર્તન ઉપસ્થિત કર્યું છે જેનો લાભ વર્તમાન સ્ત્રીઓ લે છે. ભારતમાં દર ૫૩ મીનીટે સ્ત્રીઓની જાતીય સતામણી થાય છે જયાં સુધી સ્ત્રીઓ પ્રતિકાર કરી કાયદાનું શસ્ત્ર આરોપીઓ સામે સહેશરમ છોડી ઉગામશે નહી ત્યાં સુધી આવી સતામણી થતી રહેશે. સ્ત્રીઓએ આવા અત્યાચારીઓને શરમ છોડી ખુલ્લા પાડવા જોઈએ.

## અતિતની આજ

● ૪ પાનાનું ચાલુ...

ભાઈ વિશાલદાદા પોતે વસંતદાદા સહકારી સાખર કારખાના અને તેમની શિક્ષણ સંસ્થાઓનો અધ્યક્ષ છે. જોકે, સાખર ઉદ્યોગને બેપાંદડે કરીને મહારાષ્ટ્રની પ્રજાને પણ બેપાંદડે કરનાર વસંતદાદાના નામ સાથે જોડાયેલા સાખર કારખાનાની અવસ્થા સારી નથી. દેવાના ડુંગરમાં ડુબેલી આ સંસ્થા સરકાર કનેથી જપ્તીના આદેશ મેળવવા જેટલી કમનસીબ છે. સમગ્ર રાજ્યમાં ઈજનેરી અને અન્ય ઉચ્ચ શિક્ષણસંસ્થાઓ સ્થાપવા માટેની મોકળાશ કરી આપનાર વસંતદાદાના નેજા હેઠળની કે નામ હેઠળની શિક્ષણસંસ્થાઓની અવસ્થા પણ બહુ સારી નથી. મહારાષ્ટ્રમાં તો સત્તાકારણ અને સમાજકારણ સાથે જાય છે.ઉતર્યો અમલદાર કોડીનો એ કહેવતને સાર્થક કરવા જેવું વાતાવરણ સત્તાકારણમાંથી ફેંકાઈ ગયેલા રાજનેતાઓ માટે જોવા મળે છે. વસંતદાદાનાં ઓવારણાં લેનારું સાંગલી બદલાયેલું લાગે છે.

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં આજ લગી જેમ માધવસિંહ સોલંકીના નેતૃત્વમાં ૧૯૮૫માં કૉંગ્રેસને મળેલી ૧૪૯ બેઠકોનો વિક્રમ કોઈ તોડી શક્યું નથી એવું જ મહારાષ્ટ્રમાં ૧૯૮૦માં ૧૮૬ બેઠકોનો વિક્રમ થયો. એ વેળા અબ્દુલ રહેમાન અંતુલે મુખ્ય મંત્રી થયા અને વર્ષમાંજ એમની વિદાય થઈ હતી. એ પછી ૧૯૮૫માં વસંતદાદાનો ૧૬૧ બેઠકોનો વિક્રમ રહ્યો છે. મહારાષ્ટ્રના ચાર-ચાર વખત મુખ્યમંત્રી થયેલ દાદા ૧૯૮૩માં મુખ્યમંત્રી થવા માટે લોકસભાના સભ્યપદેથી રાજીનામું આપીને પાછા ફર્યા હતા.એ પછી એમના નેતૃત્વમાં ૧૯૮૫માં વિધાનસભાની ચૂંટણી યોજાઈ. આ ચૂંટણીમાં ૨૮૮ સભ્યોની વિધાનસભામાં કૉંગ્રેસને ૧૬૧ બેઠકો મળી હતી. એ ચૂંટણી પછી મહારાષ્ટ્રમાં ક્યારેય કોઈ પક્ષને બહુમતી મળી નથી એટલું જ નહીં, ગઠબંધન સરકારનો યુગ એ પછી બેઠો. વસંતદાદાનું ૧૯૮૯માં નિધન થતાં પ્રજા સાથે જોડાયેલો અને રાજ્યની પ્રજાથી લઈને દિલ્હીશ્વર સુધીનાને જેમાં ભરોસો પડે એવો લોકપ્રિય નેતા અલોપ થયો. શરદ પવાર પ્રજામાં ખૂબ લોકપ્રિય નેતા અને આદરપાત્ર ખરા, પણ એમનો ભરોસો કરવાનું જરા મુશ્કેલ. પવાર ક્યારે કોની સાથે જોડાણ કરશે કે કોને ઉથલાવશે એ વાતે બધાના જીવ કાયમ ઉચાટમાં રહે.કારણ એંસીના દાયકામાં એમણે વસંતદાદા પાટીલના નેતૃત્વવાળી સરકારને ઉથલાવીને રાજ્યના સૌથી યુવાન મુખ્યમંત્રી બનવા માટે જનસંઘ, સમાજવાદી કે શેતકરી કામગાર પક્ષ સહિતના કૉંગ્રેસના એ વેળાના કટ્ટર શત્રુઓ સાથે હાથ મિલાવીને પુરોગામી લોકશાહી દળ(પુલોદ - પ્રોગ્રેસિવ ડેમોક્રેટિક ફ્રન્ટ)ની સરકાર બનાવી હતી.

મહારાષ્ટ્રના ચાર ચાર વાર મુખ્ય મંત્રી અને સંસદસભ્ય પણ રહેલા વસંતદાદા જેવો રાજનેતા અને સહકારમહર્ષિ "ન ભૂતો ન ભવિષ્યતિ" ગણી શકાય.એમની જન્મશતાબ્દીનું વર્ષ ગઈ ૧૩ નવેમ્બરથી શરૂ થયા છતાં નગુણા રાજનેતાઓ અને રાજકીય શાસકોને આ મહામાનવની શતાબ્દી ઊજવવા કે એ નિમિત્તે વિશેષ પ્રકલ્પો હાથ ધરવાની મોકળાશ ભાગ્યેજ મળી છે.પક્ષભેદ કે પ્રાંતભેદ કે ભાષાભેદ કર્યા વિના વસંતદાદાએ સૌ કોઈને મદદ કરી હોવાનું સગ્ગી આંખે નિહાળવાનો અવસર ૧૯૭૭ થી ૧૯૮૯ લગીના ગાળામાં મળ્યો હતો. દાદા ૧૯૮૭ના જૂનમાં રાજસ્થાનના રાજ્યપાલ હતા. બે દિવસ એમની સાથે માઉન્ટ આબુ રાજભવન ખાતે ખૂબ મનમોકળાશથી વાતો થઈ. એ દિવસોમાં દાદાને વડા પ્રધાન રાજીવ ગાંધી સાથે જામી ગઈ હતી.હકીકતમાં ગેરસમજોનું જ એ પરિણામ હતું.વસંતદાદાએ દિલથી વાતો કરી.એ રાજીનામું આપી દેવાના હોવાનું પણ કહ્યું. બરાબર એક મહિના પછી જયારે દાદાએ રાજ્યપાલ તરીકે રાજીનામું આપવાની પોતાની તૈયારીની જાહેરાત કરતાં વસંતદાદાએ એ વેળા કહેલા શબ્દો આજે પણ પ્રત્યેક રાજનેતાએ કાયમ યાદ રાખવા જેવા છે : "સત્તા તો હંગામી હોય છે."

વસંતદાદા ડંડો પછાડીને કે સત્તાનો ડર બતાવીને કોઈને વશ કરવાના મતના નહોતા. દાદા સૌને પ્રેમથી જીતનારા સહજ નેતા હતા. ધરતી સાથે જોડાયેલા, સાદગીનું આચરણ કરનારા,ગામઠી છબી સદૈવ જાળવનારા, ગામડાના છેવાડાના માણસનો પ્રશ્ન કેમ ઉકેલાય એની સતત ખેવના કરનારા નેતા અને શાસક હતા. લોકોએ પણ એમને દિલ ફાડીને પ્રેમ કર્યો છે અને એમણે પણ લોકો માટે જ જીવવાનું પસંદ કર્યું હતું. કમનસીબે એમના પછીની મહારાષ્ટ્રની વહેંતિયાઓની રાજકીય પેઢીને મન વસંતદાદાને અવગણવાનું રાજકારણનો ભાગ હશે, પણ એ સદાય અમર રહેવાના.

- haridesai@gmail.com

## માસ્ટર સ્ટ્રોક...

● અનુસંધાન પહેલાનું ચાલુ

આવી છે. યોગી રામજન્મ ભૂમિ સાથે જોડાયેલા સૌથી મોટા નેતાઓમાં સામેલ છે. સંકેતોને જોવામાં આવે તો માની શકાય છે યોગીને મુખ્યમંત્રી બનાવવા પાછળ ભાજપના પ્રયાસ હિન્દુત્વની તેની છાપને મજબૂત કરવાનો છે. ધ્રુવીકરણના પ્રયાસનો આક્ષેપ પાર્ટી અધ્યક્ષ અમિત શાહ ઉપર પણ મુકવામાં આવ્યો હતો. શાહે ચૂંટણી ભાષણ દરમિયાન કહ્યું હતું કે, જો પ્રદેશમાં તેમની સરકાર બનશે તો ગેરકાયદે કતલખાનાઓને બંધ કરવામાં આવશે. સાથે સાથે એન્ટી રોમિયો ટીમ બનાવવામાં આવશે. લોકોએ એન્ટી રોમિયો સ્કવોર્ડમાં છુપાયેલા લવ જેહાદને સમજી લેવામાં સફળતા મેળવી છે. અમિત શાહ અને મોદીની નીતિના હિસ્સા તરીકે આને ગણી શકાય છે. ભાજપે ઉત્તરપ્રદેશ ચૂંટણીના સમયે પ્રદેશના પછાતપણા, બેરોજગારી, કાયદો અને વ્યવસ્થાની કફોડી હાલત અંગે પણ વાત કરી હતી પરંતુ તેનો સૌથી મોટો મુદ્દો કોઈપણ શંકા વગર સાંપ્રદાયિકતાનો રહ્યો હતો. યોગીની ચૂંટણી કરવામાં આવ્યા બાદ ઉત્તરપ્રદેશમાં વિકાસ અને તેની સાથે જોડાયેલા મુદ્દાઓ હવે પાછળ રહી ગયા છે. સંકેત સ્પષ્ટ છે કે, ભાજપ માટે હાલના સમયમાં હિન્દુત્વ સૌથી મોટા એજન્ડા તરીકે છે. મુખ્યમંત્રી તરીકે ચૂંટાઈ આવ્યા બાદ યોગી આદિત્યનાથને લઈને એવી શંકા મજબૂત થઈ રહી છે કે, ઉત્તરપ્રદેશમાં વિકાસની બાબત પાછળ રહી જશે. એવી શંકા જાગી છે કે, પાર્ટી સબકા સાથ સબકા વિકાસ જેવા મુદ્દાથી પીછેહઠ કરી જશે. પાર્ટી સુત્રોના કહેવા મુજબ યોગીને મુખ્યમંત્રી બનાવવામાં આવ્યા બાદ ખુબ ઓછો સમય રહ્યો છે. યોગી દ્વારા પ્રદેશના કાયદા અને વ્યવસ્થામાં ઝડપથી સુધારો લાવવામાં આવશે અને ટિકાકારોને શાંત પાડવામાં આવશે. એમ પણ માનવામાં આવે છે કે, યોગી અધિકારીઓ ઉપર દબાણ લાવશે જેથી વહીવટીતંત્ર અને કામગીરીમાં સુધારો થઈ શકે. ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીમાં અઢી વર્ષનો સમય ગાળો છે.

## રાજ્યમંત્રી બન્યા...

● અનુસંધાન પહેલાનું ચાલુ

છે. પૂર્વ ક્રિકેટર અને ઉત્તરપ્રદેશમાં ભાજપના પોસ્ટર બોય મોહસીન રાજાને રાજ્યમંત્રી તરીકે શપથ અપાવવામાં આવ્યા છે. મોહસીન રાજા કોણ છે તેને લઈને ચર્ચા શરૂ થઈ છે ત્યારે માહિતી મુજબ મોહસીન રાજા ૨૦૧૩થી રાજનીતિમાં સક્રિય છે. મોહસીન રાજા મણિપુરના રાજ્યપાલ નેઝમા હેપતુલ્લાના જમાઈ છે. ૨૦૧૪માં મોહસીને ભાજપના સમર્થનમાં પોસ્ટર લગાવ્યા હતા. ભાજપે તેમને યુપીમાં પ્રવક્તા બનાવ્યા હતા. મોહસીન ત્રણ રાજ્યો તરફથી રણજી ટ્રોફી મેચો રમી ચુક્યા છે. મોહસીન રાજા એવા બીજા ક્રિકેટર છે જે યોગી સરકારમાં મંત્રી બન્યા છે. પૂર્વ ક્રિકેટર ચેતન ચૌહાણને પણ કેબિનેટ મંત્રી બનાવાયા છે. મોહસીન જ્યુબિલી ઈન્ટર કોલેજથી અભ્યાસ કર્યા બાદ લખનૌ યુનિવર્સિટીમાં ભણ્યા હતા.

## કંઈક કહ્યું...

● અનુસંધાન પહેલાનું ચાલુ

જેથી રાજકીય વર્તુળોમાં એવી ચર્ચા હતી કે તેમની વચ્ચે કઈ વાતચીત થઈ છે. મોદી અને મુલાયમસિંહ વચ્ચે ખુબ જ આત્મિય વાતચીત દેખાઈ હતી. મુલાયમે મોદીને જીત માટે અભિનંદન પણ આપ્યા હતા. બંને નેતાઓ એકબીજા સાથે હાથ પણ મિલાવ્યા હતા. બંને વચ્ચે થોડાક સમય સુધી વાતચીત થઈ હતી. મુલાયમસિંહ ઉપરાંત મોદીએ અખિલેશ સાથે પણ વાતચીત કરી હતી.